ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# ચાણક્ય નીતિમાં વ્યક્તિત્વ વિકાસ


| શોધકર્તા | માર્ગદર્શક |
| --- | --- |
| ઝરણાબેન પ્રવીણચંદ્ર ત્રિવેદી | ડૉ. કાલિન્દી પાઠક |
| પી. એચડી વિદ્યાર્થીની, ગુજરાત યુનિવર્સિટી | એસ. વી. આર્ટ્સ કોલેજ, ગુજરાત યુનિવર્સિટી |

**પ્રસ્તાવના** – જીવનના અનુભવોથી સિદ્ધાંતોની પુષ્ટિ થાય છે. પરંપરાથી માનેલું જ્યારે વ્યવહારમાં આવે ત્યારે નિષ્ઠામાં બદલાય છે. લક્ષ્યની પ્રાપ્તિ માટે નિષ્ઠા ખૂબ જ આવશ્યક છે. આચાર્ય ચાણક્યના જીવનમાં 'અખંડ ભારત' માટે નિષ્ઠા હતી.

ચાણક્ય નીતિ તેમની સર્વાધિક લોકપ્રિય અને દરેકે અભ્યાસ કરવા જેવી રચના છે. તેમા તેમણે બધા શાસ્ત્રોનો સાર, જીવનના મૂલ્યો સૂત્રરૂપે દોહા, ચોપાઈ દ્વારા પ્રસ્તુત કર્યા છે. એને વાંચીને સામાન્ય મનુષ્ય પણ જીવનમાં સફળતા, યોગ્ય-અયોગ્ય, સારું-ખરાબ, ધર્મ-અધર્મ, બુદ્ધિમાની-મુર્ખતા, ફાયદાકારક-નુકસાનકારક, ઉપયોગી-અનુપયોગીની જાણ કરી શકે છે. આ સૂત્રોમાં ચાણક્યએ મનુષ્યના શિક્ષણ ઉપર ભાર મૂક્યો છે. મનુષ્ય શિક્ષિત હોય તો ક્યાંય લખેલી, કોઈએ કીધેલી, સાંભળેલી વાતનું મનન, ચિંતન કરી પોતાની જાતે જ યોગ્ય-અયોગ્ય, સારા-ખરાબનો નિર્ણય લઈ શકે છે. ચાણક્યના સૂત્રોમાં ક્યાંક પૂર્વગ્રહયુક્ત વાતો પણ દેખાય છે, જે હાલના સમયે સુસંગત ન લાગે પરંતુ તે તર્કસંગત વાતો છે. વર્તમાન સમયમાં વ્યક્તિત્વ વિકાસને અનુરૂપ જે સૂત્રો જરૂરી છે એવા છ સૂત્રોને મારી દૃષ્ટિએ અહિં પ્રસ્તુત કર્યા છે.

**સુખસ્ય મૂલં ધર્મઃ ॥1॥ સુખનું મૂળ ધર્મ છે.**

ધર્મ એટલે જે કાર્યમાં સત્ય, ન્યાય અને માનવતા હોય તેને ધર્મ કહેવાય. પહેલાના સમયમાં ઈશ્વરને પ્રસન્ન કરવા અપાતી પશુબલી તે સત્ય નથી. પશુની બલીથી કંઈ ઈશ્વર રાજી ન થાય. કાર્યમાં કે વિધિવિધાનોમાં સત્ય ન હોય તો તેને ધર્મ ગણાય નહિં.

ન્યાય એટલે બંને પક્ષોને સાંભળી-સમજીને પક્ષરહિત થઈને જે ચુકાદો અપાય તે ન્યાય છે. માત્ર એક પક્ષને સાથે લઈને ખરા-ખોટાનો વિચાર કર્યા વિના જે ચૂકાદો અપાય તે ન્યાય કહેવાય નહિ, પક્ષપાત કહેવાય. જેમ રમતમાં એક રેફરી હોય છે, તે પક્ષપાત વિના જે યોગ્ય હોય તેના પક્ષમાં જીત-હારનો ફેંસલો આપતો હોય છે. તેનો ફેંસલો બંને પક્ષને માન્ય હોય છે. માટે જ રમત આગળ ચાલે છે. રમતમાં યોગ્ય નિર્ણય અપાતો ન હોય તો તે રેફરી લાંબો સમય રેફરી તરીકે ચાલે નહિ, આના કારણે રમનાર, રમત અને રેફરી ત્રણેયનું અહિત જ થાય છે.

ઘણાં નિર્ણયોમાં સત્ય હોય, ન્યાય પણ હોય, પરંતુ માનવતા ન હોય. જેમ કે એક સ્ત્રીએ હત્યા કરી અને તેને ફાંસીની સજા થઈ, આ સત્ય અને ન્યાયની દૃષ્ટિએ યોગ્ય જ કહેવાય. પણ તે સ્ત્રી સગર્ભા છે અને તેને બાળક થવાનું છે, આવી સ્ત્રીને ફાંસી આપવી એટલે ગર્ભસ્થ બાળકને પણ ફાંસી આપવા જેવું થયું. આ માનવતા ન કહેવાય, તો તે સ્ત્રીને ફાંસી સિવાયની સજા આપી શકાય, એવી જ રીતે હત્યારી સ્ત્રીને ધાવણું બાળક હોય તો તેને પણ ફાંસી ન અપાય, તેના ધાવણા બાળકનો વિચાર કરવો જોઈએ, તેને બીજી કોઈ સજા આપી શકાય, જેમાં તેનું બાળક સાથે રહી શકે. આ માનવતા છે.

માનવતા વિનાનો ન્યાય જડતાભર્યો હોઈ શકે છે. એટલે જે નિર્ણયોમાં અને કાર્યોમાં સત્ય, ન્યાય અને માનવતા ત્રણેય હોય તેને ધર્મ કહેવાય. આવો ધર્મ વ્યક્તિ, પ્રજા તથા રાજ્યના સુખનું કારણ બને છે. આ ત્રણની સ્થાપનાનું નામ જ ધર્મ સ્થાપના છે.

ચાણક્ય કહે છે, સુખનું મૂળ ધર્મ છે, તેનો એક વ્યવહારિક અર્થ એવો પણ છે કે, પ્રજા તથા શાસન કાયદો અને વ્યવસ્થાનું કડક રીતે પાલન કરવું, ન્યાયપૂર્વકનો સંતુલિત કાયદો બનાવવો, તે એકતરફી પક્ષપાતી ન હોય, કે જેથી બીજાને અન્યાય થાય. યોગ્ય જ કાયદો ઘડાય અને તેનું સારી રીતે પાલન થાય.

દૂર્બળ નેતા ઉત્તમ કાયદાઓનું પાલન ન કરાવી શકે. કાયદાને લાગુ કરવા માટે પરાક્રમ જોઈએ. કાયદો પણ લોકોના, રાજ્યના, રાષ્ટ્રના હિતમાં હોય છે. કાયદાનું પાલન કરવું એ લોકોનું પણ કર્તવ્ય છે પણ જો લોકો કાયદાનું પાલન ન કરે તો દંડ દ્વારા પણ કરાવવું જોઈએ. દંડના ભયથી પણ લોકો તેનું પાલન કરે કેમ કે આ નિયમો લોકોના હિતમાં જ ઘડાયા હોય છે.

**યઃ પરાર્થમુપસપંતિ સ સત્પુરૂષઃ ॥299॥ જે બીજાનું ભલું કરે તેને મહાપુરૂષ કહેવાય**

ધર્મની વ્યાખ્યા આપ્યા બાદ મહાપુરૂષ કોને કહેવાય? એ સમજાવતા ચાણક્ય કહે છે કે, જે લોકોનું ભલુ કરે અર્થાત લોકોના પ્રશ્નો ઉકેલવામાં સહાયક બને તે સત્પુરૂષ છે. જીવનમાં અનેક મુશ્કેલીઓ આવે છે આ બધામાંથી વ્યક્તિ બહાર આવે, તેના પ્રશ્નો ઉકેલાય જાય તો જીવનમાં સુખ અને શાંતિનો અનુભવ થાય. આવા પાંચ પ્રકારના પ્રશ્નો કે મુશ્કેલીઓ છે. 1) રાજકીય, 2) સામાજિક, 3) શૈક્ષણિક, 4) આર્થિક અને 5) ધાર્મિક.

1) રાજકીય પ્રશ્નો પહેલા આપણે ગુલામીમાં જીવતા હતા ત્યારે જેમણે પણ સ્વતંત્રતા માટે પ્રયાસો કર્યા તે બધા જ મહાપુરૂષો છે.
2) સામાજિક પ્રશ્નોમાં આપણી અમુક પ્રથાઓ બાળલગ્ન, વિધવા સ્ત્રી માટે આવાં બધાનો ઉકેલ લાવવા માટે જે લડ્યા તે પણ મહાપુરૂષ છે.
3) આપણી સામે શિક્ષણનો પ્રશ્ન વિકરાળ હતો. સ્ત્રીઓને શિક્ષણ ન આપવું, બ્રાહ્મણ તથા ક્ષત્રિય સિવાય કોઈને પણ શિક્ષણ ન આપવું, આવા વિચારો ચાલતા હતા એવા સમયે જેમણે બધા માટે શિક્ષણ, કોઈ નિરક્ષર ન રહેવું જોઈએ એવા પ્રયત્નો કર્યા અને બધા શિક્ષણ મેળવતા થયા, માટે આવા પ્રયત્નો કરનારા પણ મહાપુરૂષ છે.
4) આર્થિક રીતે લોકોને સદ્ધર કરવાં, રોજી-રોટી મળે તેવા, તેને પગભર કરવાં માટેના પ્રયત્નો કરનાર મહાપુરૂષ છે. લોકો પોતાની જાતે જ પોતાના ઘરનું ભરણપોષણ કરે, બીજા પર આધારિત ન રહે તો તે સ્વાભિમાનથી જીવે અને આ સાથે તેના જીવનમાં બીજા નાના-મોટા પ્રશ્નોનું સમાધાન તો એમ જ થઈ જાય છે.
5) ધર્મની સાથે જે વર્ણ વ્યવસ્થા જોડાયેલી હતી તે દૂર કરનારા પણ મહાપુરૂષ છે. લોકોમાં ઊંચ-નીચ, જાતિના ભેદો એ ધીમે-ધીમે દૂર થયા, લોકો શિક્ષિત થયા સાથે-સાથે અધશ્રદ્ધા, પૂર્વગ્રહમાંથી બહાર આવ્યા છે. લોકો બધાં એક બીજા સાથે મળીને પરસ્પર વિચારોની આપ-લે કરે છે આવું કરવા પાછળ મહેનત કરનાર મહાપુરૂષ છે.

આપણે માત્ર આત્મા પરમાત્માની વતો કરનારને મહાપુરૂષ માની બેસીએ છીએ પરંતુ જેમણે પોતના જીવનમાં અને લોકોના જીવનમાં બદલાવ લાવવા પ્રયત્નો કર્યા હોય અને સમાજમાં સળગતા પ્રશ્નોના નિરાકરણ માટે પ્રયત્નો કર્યા છે

તેને જ મહાપુરૂષ કહેવાય. માત્ર વાતો કરનારા પ્રશ્નોનો ઉકેલ લાવતા નથી પરંતુ ઘણી વાર બીજા પ્રશ્નો ઉભા કરતા હોય છે, માટે જે યોગ્ય વિચારી પોતાનું, બીજાનું, સમાજ અને રાષ્ટ્રનું ભલુ ઈચ્છે તેને મહાપુરૂષ કહેવાય છે.

**સર્વેષાં ભૂષણં ધર્મઃ ।।367।। સૌ મનુષ્યનું આભૂષણ ધર્મ છે.**

આગળ આપણે ધર્મની વાત કરી તેમ ધર્મ એ જ મનુષ્યનું અલંકાર/આભૂષણ છે. મનુષ્યએ ઘરેણા ઘણા બધા ધારણ કર્યા હોય પણ મુખ્ય ધર્મરૂપ ઘરેણું જ ન હોય તો અન્ય ઘરેણાંની કોઈ કિંમત જ નથી માટે મુખ્ય આભૂષણ અનિવાર્ય છે. ધર્મરૂપ આભૂષણ હશે તો જીવનમાં અન્ય ગુણો સહજ આવશે.

સત્યનિષ્ઠા અને કર્તવ્યપાલન જેવી ધર્મની વાતો વ્યક્તિના જીવનમાં આવકાર્ય છે. આવા ગુણોથી વ્યક્તિ અલંકૃત થઈ શોભી ઉઠે છે અને અન્ય અલંકારોની પણ શોભા વધે છે. નહિ તો આવા અલંકારોની કોઈ જ કિંમત નથી.

**સ્વધર્મહેતુઃ સત્પુરૂષઃ ।।447।। સત્પુરૂષો સ્વધર્મ માટે જ જીવતા હોય છે.**

પોતાના ધર્મનું પાલન કરવું એવા દૃઢ સંકલ્પવાળા લોકો પણ હોય છે. ગુરૂ ગોવિંદસિંહના બંને પુત્રોને જીવતા દીવાલમાં ચણી દીધા પણ ધર્મ ન બદલ્યો અને તે અમર થઈ ગયા. આવા હજારો લોકો છે કે જેમણે ધર્મ માટે જીવન કુરબાન કરી દીધું, પણ ધર્મ ન બદલ્યો. બીજી તરફ એવા લોકો પણ હોય છે કે જે લોભ, લાલચ કે ભયને કારણે ધર્મ બદલી નાખે છે. આવા લોકોને કોઈ યાદ નથી કરતું પરંતુ ગુરૂ ગોવિંદસિંહજીએ પંજાબની પ્રજાને સિંહ જેવી બનાવી મુગલ સલ્તનતને હચમચાવી મૂકી અને એક મહાન બલિદાની ઈતિહાસનું નિર્માણ કર્યું.

પોતાના ધર્મનું પાલન કરનારને જ સત્પુરૂષ કહેવાય છે ગીતાજીમાં ભગવાને કહ્યું છે, “સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મ ભયાવહઃ।”

**આત્મા ન સ્તોતવ્યઃ ।।509।। પોતાના વખાણ પોતે કરવા નહિં**

કમજોર માણસ પોતે જ પોતાના વખાણ કરતો રહે છે કેમ કે પોતાની કમજોરી કે ખામી બધાની સામે ન આવે, પોતે જેવા છે એવા બધાની સામે દેખાય નહિ માટે તેઓ પોતાની પ્રશંસા કરે છે અને બીજા દ્વારા પણ પ્રશંસા કરાવે છે, મીડિયામાં અન્ય લોકોને પૈસા આપીને પણ પોતાની પ્રશંસા કરાવતા હોય છે.

વ્યક્તિએ પોતે વખાણ કરવાની જરૂર જ ન પડે એવું જીવે કે લોકો તેમનું જીવન જોઈને જ તેમના ગુણોના, વ્યવહારના વખાણ કરવા લાગે. આ માટે સૌપ્રથમ વાણી, વર્તન, મન, કાર્ય અને વિચાર એક રાખવા પડે. જેવું વિચારીએ, બોલીએ એવું કરીએ તો લોકોને આપણું જીવન જોઈને પ્રેરણા મળે અને નાના-નાના ગુણો થકી તે બીજા અન્ય ગુણો પોતાનામાં સહજ લાવવાનો, સ્થિર કરવાનો પ્રયત્ન કરે જેથી અન્ય લોકો તેને આદર્શ માને તો એ શ્રેષ્ઠ કહેવાય. અન્યને આપણા વખાણ કરવાનું મન થાય એવા ગુણો વાળુ જીવન જીવી બતાવવું જોઈએ, તો આપણે આપણા વખાણ કે સ્વયંને લગતી કોઈ વાત રજુ ન કરવી પડે, સહજ કે સ્વાભાવિક રીતે જ અન્યને તે દેખાઈ આવે.

**નાસ્ત્યર્થિનો ગૌરવમ્ ।।448।। ભિખારીને ગૌરવ હોતું નથી.**

કેટલાક લોકો આજીવન યાચકવૃત્તિથી જીવન જીવતા હોય છે. આવા યાચકોને કશું આત્મ ગૌરવ હોતું નથી.

સ્વમાની માણસ હંમેશા પુરૂષાર્થથી પગભર થઈને પોતાની આજીવીકા ચલાવતો હોય છે. ભલે ને ભૂખ્યો કેમ ન હોય! યાચકવૃત્તિથી રોજ લાડુ જમવા ન મળે તોપણ તેમાં ગૌરવ હોતું નથી. કદાચ વંશપરંપરાની યાચકવૃત્તિ હોય તોપણ તેનો ત્યાગ કરી વ્યક્તિએ પોતે તથા પોતાના બાળકોને આત્મનિર્ભર બનાવવા યાચકવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ, આ જ સાચા રાષ્ટ્રનું ઘડતર છે.

**ઉપસંહાર**

આમ, ચાણક્યએ ચાણક્ય નીતિમાં વર્ણવેલા અનેક સૂત્રો જે મનુષ્ય માટે પ્રેરણારૂપ બન્યા છે. આવા સૂત્રો દ્વારા થોડા શબ્દોમાં બહુ મોટી વાત જે માણસના જીવનમાં પરિવર્તન લાવે તેને સરળ અને આકર્ષક રીતે રજૂ કરવામાં આવી છે, એ પૈકીના છ સૂત્રોને અહીં સંકલિત કરી તેને વ્યક્તિત્વ વિકાસના પરિપેક્ષ્યમાં પ્રસ્તુત કરવાનો પ્રયાસ કર્યો છે.

**સંદર્ભગ્રંથો**

ચાણક્ય નીતિ – કાકા હરિઓમ

ચાણક્ય નીતિ – સ્વામી સચ્ચિદાનંદ, દંતાલીવાળા

શ્રી કૃષ્ણજીવન દર્શન – સદ્વિચાર દર્શન ટ્રસ્ટ, મુંબઈ